ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY
(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegram : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

નં . પરીક્ષા/3-બ/૫૧૩૬૯/૨૦૨૪ તા : ૧૪ /૦૮ /૨૦૨૪

**<u>પરિપત્ર ક્રમાંક : ૨૨૩</u>**

## અન્ય યુનિવર્સિટીથી NEP-2020 મુજબ સેમેસ્ટર-3 માં સીધો પ્રવેશ મેળવવા માટે ગાઈડલાઇન્સ

1) અન્ય યુનિવર્સિટીથી NEP-2020 મુજબ સેમેસ્ટર-1 અને સેમેસ્ટર-2, પાસ કરી, સેમેસ્ટર-3માં ગુજરાત યુનિવર્સિટી ખાતે પ્રવેશ માટે આવતા વિદ્યાર્થીઓ માટે ABC (Academic Bank of Credits) ID હોવું ફરજિયાત છે, તથા ABC Portal પરથી ( Annexure Aમાં દર્શાવ્યા મુજબ) અરજી કરવાની રહેશે.
2) ઉપરોક્ત બાબત 1 અને NEP-2020 મુજબ પાસ વિદ્યાર્થીઓના સેમેસ્ટર-1 તેમજ સેમેસ્ટર-2ની ઓછામાં ઓછી 22 – ક્રેડિટ પ્રતિ સેમેસ્ટર હોવી ફરજિયાત છે.
3) વધુમાં, જો કોઈ સંસ્થાના સેમેસ્ટર-1 તથા સેમેસ્ટર-2 પાસ કરેલ ગુણપત્રકમાં ઓછી ક્રેડિટ હોય તો, 22 માટે ખૂટતી ક્રેડિટ માટે UGC માન્ય સંસ્થામાંથી મેળવવાની શરતે જ પ્રવેશ મળવાપાત્ર રહેશે. Lateral Entry સમયે વધારાની 4 ક્રેડિટ કરવી આવશ્યક છે.
4) જો ઠરાવ: 2 નું પાલન થતું હોય તો, વિદ્યાર્થીઓના મેજર વિષયોના SYLLABUS CONTENT 70% સરખો હોવો જોઈએ.
5) Lateral Entry માટે અન્ય યુનિવર્સિટીથી NEP-2020 મુજબ વિદ્યાર્થીઓ એ, છેલ્લે જ્યાં અભ્યાસ કરેલ હોય તે કોલેજ તેમજ સંબંધિત યુનિવર્સિટી/કોલેજ ની NOC અને અત્રેની યુનિવર્સિટીની કોલેજ માં એડમિશન મેળવવા માંગતા હોય તે કોલેજની NOC લેવી ફરજિયાત રહેશે.
6) DIPLOMA ENGINEERING/ PHARMCY/ AGRICULTURAL/ ANIMAL HUSBUNDARY કે અન્ય ડિપ્લોમા કોર્સ કર્યા બાદ, NEP-2020 Policy અંતર્ગત, સીધા સેમેસ્ટર -3 માં વર્ષ 2024-25 થી અત્રે પ્રવેશ મેળવવા માટે UGC તથા Government Of Gujarat, Education Department ની Standard Operating Procedure (SOP) Implementation of National Education Policy-2020, Gujarat State, July 2023 નું પાલન કરવાનું રહેશે.
7) અન્ય યુનિવર્સિટી થી સેમેસ્ટર- 1 અને સેમેસ્ટર- 2, વર્ષ 2023-24 માં પાસ કરી, વર્ષ 2024-25 થી સેમેસ્ટર -૩ માં ગુજરાત યુનિવર્સિટી ખાતે પ્રવેશ માટે આવતા વિદ્યાર્થીઓ કે જેઓને, ગુજરાત યુનિવર્સિટી થી પ્રોવિજનલ એલિજિબિલીટી સર્ટિફિકેટ (PEC) અત્રેથી મેળવેલ છે, તેવા વિદ્યાર્થીઓ એ પણ ઉપરોક્ત ઠરાવ: 1 થી 5 ની શરતોનું પાલન કરવાનું રહેશે. અન્યથા તેઓનો પ્રવેશ રદ થવા પાત્ર રહેશે.

8) ગુજરાત રાજ્ય સિવાય ના અન્ય રાજ્યોના ઑપન સ્કૂલ/OPEN BOARD માંથી ધોરણ- 12 પાસ કરી વર્ષ 2024-25 થી અત્રેની યુનિવર્સિટી ખાતે UNDER GRADUATE સેમેસ્ટર- 1 માં પ્રવેશ માટે આવતા વિધાર્થીને પ્રવેશ માટે ગુજરાત સરકારના ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર ના પત્રક્રમાંક : મઉમશબ/સંશોધન/2024/1017-56 તા. 09/02/2024 ના ઠરાવ મુજબ જણાવેલ કે, ‘ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિમય -1974 ના વિનિમય -12 (9)(ક) માં સુધારા બાબતના શિક્ષણ વિભાગ ના ઠરાવ ક્રમાંક : મશબ/112022 /93/છ તા. 07/06/2022 થી થયેલ સુધારેલ જોગવાઈ મુજબ ઑપન સ્કૂલ તરીકે સમગ્ર દેશમાં NIOS નું કાર્યક્ષેત્ર હોય, NIOS સિવાયના અન્ય રાજ્યના ઑપન બોર્ડ ના વિધાર્થી તરીકે ગુજરાત રાજ્યમાં વસવાટ કરતા વિધાર્થી અન્ય રાજ્યના ઑપન બોર્ડની ધોરણ-10 ની પરીક્ષા ઉતીર્ણ કરે તો પણ તેને ધોરણ -11 માં પ્રવેશ માટે યોગ્ય ગણાય નહીં, કારણ કે અન્ય રાજ્ય ના ઑપન બોર્ડનું કાર્યક્ષેત્ર સંબધિત રાજ્ય માટે જ હોય છે. “ જેને અનુલક્ષીને ધોરણ-10 અને ધોરણ-12 બંને અલગ-અલગ રાજ્યો ના માન્ય ઑપન બોર્ડમાંથી પાસ કરેલ હોય તો પણ પ્રવેશ માટે પાત્ર ગણી શકાય નહીં.

આ ઠરાવ ને ધ્યાને લેતા ગુજરાત યુનિવર્સિટીમાં UNDER GRADUATE અને POST GRADUATE સેમેસ્ટર- 1 માં પ્રવેશ મેળવવા માગતા વિધાર્થી દ્વારા, ધોરણ-10 જે રાજ્યના રેગ્યુલર માન્ય બોર્ડ માંથી પાસ કરેલ હોય અને ધોરણ-12 તે જ રાજ્યના માન્ય ઓપન સ્કૂલ/OPEN BOARD માંથી પાસ કરેલ હોય તો જ, તે વિધાર્થીને પ્રવેશ ને પાત્ર ગણી શકાય, અન્યથા પ્રવેશ પાત્ર ગણી શકશે નહીં.

પરીક્ષા નિયામક

**ABC ID કેવી રીતે બનાવવું ?**



| DigiLockerમાં લૉગ ઈન | સર્ચ ફોર એજ્યુકેશન | ABC ID બનાવો | ક્રેડિટનો સંચય |
|---|---|---|---|
| ડિજિલોકર ધરાવનાર વિદ્યાર્થી ABC ID બનાવી શકે છે | ABCમાં 'એજ્યુકેશન કેટેગરી' (Education Category) દેખાશે. | ABC ID બનાવવા માટે તમારી યુનિવર્સિટી પસંદ કરી તેના પર ક્લિક કરો. | https://www.abc.gov.in પર વિદ્યાર્થીઓ પોતાની સંચિત થયેલી ક્રેડિટ ચકાસી શકશે. |

ક્રેડિટ્સનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને શૈક્ષણિક ખાતાધારક બનવાની સુવિધા આપવાનો છે, જેનાથી નીચે દર્શાવેલ ઔપચારિક પ્રણાલી દ્વારા ડિગ્રી આપતી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ (HEIs) વચ્ચે અને તેની અંદરોઅંદર વિદ્યાર્થીને અડચણ વગર સ્થળાંતરિત થવાનો માર્ગ મોકળો થઈ શકશે.

- **ક્રેડિટ રેકગ્નિશન :** રજિસ્ટર્ડ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થા (HEI) દ્વારા મેળવેલ ક્રેડિટ જ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થા (HEI) દ્વારા સીધી ABCમાં ટ્રાન્સફર કરવામાં આવશે.
- **ક્રેડિટ એકઠી કરવી (ક્રેડિટનો સંચય) :** ABC વિવિધ અભ્યાસક્રમો મારફતે વિદ્યાર્થીઓએ મેળવેલી અને સંચિત કરેલી ક્રેડિટ્સને એકત્રિત કરવાની સુવિધા પૂરી પાડે છે.
- **ક્રેડિટ ટ્રાન્સફર :** રજિસ્ટર્ડ HEIs યુજીસી ક્રેડિટના નિયમોનું પાલન કરીને વ્યક્તિગત ABCમાં નિર્ધારિત ક્રેડિટ મોકલી શકે છે કે મેળવી શકે છે.
- **ક્રેડિટ રિડેમ્પશન (વળતર) :** ભેગી થયેલી ABC ક્રેડિટમાંથી રજિસ્ટર્ડ ડિગ્રી એનાયત કરનાર HEIs દ્વારા પ્રમાણપત્રો/ડિપ્લોમા/ડિગ્રી મેળવવા માટે આવશ્યક ક્રેડિટનું રૂપાંતર કરવું કે વાપરવી.

વિદ્યાર્થીઓ પાસે તેમના ક્રેડિટ સંચય, ટ્રાન્સફર રિક્વેસ્ટ અને ક્રેડિટની વિગતોની અવારનવાર ચકાસણી કરવા માટે યુનિક ABC Id અને ડેશબોર્ડ્સ સાથે તેમનું વ્યક્તિગત ABC એકાઉન્ટ્સ હશે.

### ૮.૩. NAD હેઠળ શૈક્ષણિક સંસ્થાઓની નોંધણી

સંસ્થા NAD પર નીચેના ચાર સરળ પગલાંમાં નોંધણી કરાવી શકશે :

| પગલું ૧ | પગલું ૨ | પગલું ૩ | પગલું ૪ |
|---|---|---|---|
| DigiLocker દ્વારા સાઈન અપ કરો → | આવશ્યકતા અનુસાર તમારી સંસ્થાનું નામ પસંદ કરો → | એકાઉન્ટના ઓનર (નોડલ ઓફિસર)ની વિગતોની પુષ્ટિ કરો → | નોંધણીને સમાપ્ત કરવા માટે T&Cને સ્વીકારો |

એકવાર નોંધણીપ્રક્રિયા પૂર્ણ થઈ જાય, પછી એકાઉન્ટધારકને સ્વાગત ઈમેઈલ (welcome email) પ્રાપ્ત થશે. આગળના પગલામાં, પૂરી પાડવામાં આવેલ તમામ વિગતો NAD અને UGC ટીમ દ્વારા ચકાસવામાં આવશે. સફળ ચકાસણી પછી, ખાતાને મંજૂરી મળશે અને નોડલ અધિકારીને પુષ્ટિ ઈમેઈલ મોકલવામાં આવશે. ત્યારબાદ સંસ્થા ડિજિલોકર પર ડેટા પ્રકાશિત કરી શકશે.

## ૮.૪ ક્રેડિટ સિસ્ટમ કેવી રીતે કાર્ય કરે છે

ABC રજિસ્ટર્ડ સંસ્થ થાઓ દ્વારા આપવામાં આવેલી ક્રેડિટ વિદ્યાર્થીના ખાતામાં જમા થશે. સંસ્થામાંથી એક પ્રોગ્રામ માટે વિદ્યાર્થીને આપવામાં આવેલી ક્રેડિટ વિદ્યાથીની સંમતિથી અન્ય સંસ્થા દ્વારા ટ્રાન્સફર/રીડિમ કરી શકાય છે. જો વિદ્યાર્થી કોઈ અલગ સંસ્થામાં જાય છે, તો સંચિત ક્રેડિટ નવી સંસ્થાના ખાતામાં ટ્રાન્સફર થઈ જાય છે. તે જ અથવા અન્ય સંસ્થા દ્વારા ઓફર કરવામાં આવતા અન્ય પ્રોગ્રામમાં સંચિત કરવા માટે સંસ્થામાંથી ક્રેડિટ ટ્રાન્સફર કરી શકાય છે. એકવાર પ્રોગ્રામના એવોર્ડ માટે ક્રેડિટ રિડીમ થઈ જાય, તે પછી તે ABC સંબંધિત વિદ્યાર્થીના 'એકેડેમિક એકાઉન્ટ'માંથી પરિવર્તિત ન થઈ શકે તે રીતે ડેબિટ કરવામાં આવશે.




### ૮.૪.૧ ક્રેડિટ ટ્રાન્સફર માટે વર્કફ્લો

**નોંધણી (Registration)**

- ડિજીલોકર દ્વારા વિદ્યાર્થી તેમના મોબાઈલ નંબર સાથે નોંધણી કરાવી શકશે.
- વિદ્યાર્થીને એક યુનિક ABC ID ફાળવવામાં આવે છે.
- જે ID સાથે વિદ્યાર્થી નોંધાયેલ છે તે શૈક્ષણિક સંસ્થા સાથે શેર કરી શકાય છે.

→

**લૉગ ઇન (Login)**

- વિદ્યાર્થી રજિસ્ટર્ડ મોબાઇલ નંબર પરથી OTP વડે લોગ ઇન કરી શકશે.
- વિદ્યાર્થી ABC ડેશબોર્ડ ઍક્સેસ કરી શકશે.
- ડેશબોર્ડ પર ABC ID પર મેપ કરાયેલ ક્રેડિટ.

↓

**ક્રેડિટ ટ્રાન્સફર પ્રક્રિયા**

- વિદ્યાર્થી પોતાની પસંદગીની ક્રેડિટ પસંદ કરે છે.
- ક્રેડિટ ટ્રાન્સફરનો આરંભ શૈક્ષણિક સંસ્થા પસંદથી થાય છે.
- ટ્રાન્સફર માટે જરૂરી વધારાની વિગતો પૂરી પાડવી.

→

**ટ્રાન્સફરની શરૂઆત**

- શૈક્ષણિક સંસ્થા યુજીસીની માર્ગદર્શિકાના આધારે ટ્રાન્સફર વિનંતીની યોગ્યતા ચકાસશે.
- એકેડેમિક ઇન્સ્ટિટ્યૂટ કોર્સના માળખાને આધારે આંશિક કે સંપૂર્ણપણે ક્રેડિટ ટ્રાન્સફરની વિનંતીને મંજૂરી આપે છે અથવા નકારે છે.
- રિમાર્ક્સમાં મંજૂરી કે અસ્વીકાર માટેનું કારણ પૂરું પાડે છે.

↓

**વિનંતી પરિસ્થિતિ**

- વિદ્યાર્થી વિનંતીની સ્થિતિ ચકાસી શકે છે.
- ક્રેડિટ ટ્રાન્સફરની સૂચના મળે છે.
- તમામ ક્રેડિટ ટ્રેલ્સ જાળવવામાં આવે છે અને તે વિદ્યાર્થીના ખાતામાં જોવા મળે છે.

## ૮.૫ વિદ્યાર્થીઓ માટે વિગતવાર સંચાલનપ્રક્રિયા

**નોંધણી :**

વિદ્યાર્થીઓ www.abc.digilocker.gov.in પર Login કરીને ABC પર નોંધણી કરાવી શકે છે. ⟶ My Account પર ક્લિક કરો ⟶ વિદ્યાર્થી તરીકે Login કરો ⟶ Sign Up with DigiLocker પર ક્લિક કરો ⟶ માન્ય મોબાઈલ નંબર દાખલ કરો ⟶ ફોન પર એક OTP આવશે. ⟶ OTP દાખલ કરી 'Continue' બટન દબાવવું ⟶ Sign Up દરમિયાન બનાવેલ સિક્યોરિટી પિન નાંખવો અને Submit ક્લિક કરવું.










**ડેશબોર્ડ :**

**સ્ટેપ ૧:** "Go to Dashboard" બટન પર ક્લિક કરો ⟶ ABC લિન્ક કરેલ કોઈપણ ABC IDનો ક્રેડિટ ડેટા મેળવવાનો પ્રયાસ કરશે (પરંતુ નવા વપરાશકર્તા માટે સામાન્ય રીતે "No, Credits added yet) એવું વિન્ડોમાં દેખાશે.



**સ્ટેપ ૨ :** વિદ્યાર્થીએ જે સંસ્થામાં અભ્યાસ કરી રહ્યો છે કે અભ્યાસ પૂર્ણ કરી ચૂક્યો છે તે શૈક્ષણિક સંસ્થાઓને ABC ID પ્રદાન કરવું પડશે, જેથી શૈક્ષણિક સંસ્થાઓ ડિજિલોકર પર વિદ્યાર્થીના ABC ID સામે ક્રેડિટ અપલોડ કરી શકે.

એક વખત શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ક્રેડિટ સ્કોરની સાથે શૈક્ષણિક રેકોર્ડ અપલોડ થયા બાદ, ક્રેડિટ સ્કોર વિદ્યાર્થીના ABC ખાતામાં આપમેળે દેખાશે.




**સ્ટેપ ૩ :** "Credit Accumulation" વિન્ડોના expand બટનને દબાવવાથી  વિષયવાર તેમજ વિગતવાર ક્રેડિટ વિતરણને જોઈ શકાય છે.



## ૮.૬ ક્રેડિટ ફ્લો મિકેનિઝમ

### ૮.૬.૧ વિદ્યાર્થી દ્વારા અનુસરવાના પગલાં

**સ્ટેપ ૧ :** વિદ્યાર્થીઓ હોમ સ્ક્રીન પર દેખાતા " Transfer Credits' બટન પર ક્લિક કરીને ક્રેડિટ ટ્રાન્સફર પ્રક્રિયા શરૂ કરી શકે છે.




**સ્ટેપ ૨ :** નિયમો અને શરતોને તમારી સંમતિ આપવા માટે ચેકબોક્સ ✓ પર ક્લિક કરો (કૃપા કરીને તેમને ધ્યાનથી વાંચો) ⟶ ટ્રાન્સફર કરવા આગળ વધો

“તમારી ક્રેડિટ ટ્રાન્સફર કરવા માટે યુનિવર્સિટી”, “Course Details” અને “Stream Detail” પસંદ કરો. Proceed Creedit પસંદ કરો.



**સ્ટેપ ૩ :** ચેકબોક્સ પર ક્લિક કરીને તમે જે વિષયની ક્રેડિટ ટ્રાન્સફર કરવા માંગો છો તે પસંદ કરો (મલ્ટિપલ પસંદગી શક્ય છે) ⟶ Proceed Transfer Credit ક્લિક કરો.




**સ્ટેપ ૪ :** પસંદ કરેલ વિષયની ક્રેડિટની સમીક્ષા કરો ⟶ નિયમો અને શરતો સાથે સંમત થવા માટે ચેકબોક્સ પર ક્લિક કરો ⟶ Proceed Transfer Credit ક્લિક કરો.



**સ્ટેપ ૫ :** એક ડાયલોગ બોક્સ દેખાશે (કૃપા કરીને આગળ વધતા પહેલા તેને કાળજીપૂર્વક વાંચો) → Request પર ક્લિક કરો (ટ્રાન્સફર રિક્વેસ્ટ Transfer Request ID સાથે મોકલવામાં આવશે).




**સ્ટેપ ૬ :** Home સ્ક્રીન પર પાછા જશો એટલે "Check Requst Status" દેખાશે. → તેના પર ક્લિક કરવાથી Transfer Requst Status દેખાશે. (પ્રક્રિયા ન થાય ત્યાં સુધી, તે સ્ટેટસ 'Pending' દેખાશે.



**સ્ટેપ ૭ :** 'Transfer Requst Status' વિન્ડો પર expand બટનને દબાવીને વિગતો જોઈ શકાશે.




**સ્ટેપ ૮ :** વિદ્યાર્થીઓ Pending, Apporoved અને Rejected સ્ટેટ્સ અથવા અસ્વીકારની સ્થિતિ જોઈ શકે છે (મંજૂરી અથવા અસ્વીકાર માટે, તમને શૈક્ષણિક સંસ્થાની કોમેન્ટ્સ કે રીમાર્કસ મળશે.)




**સ્ટેપ ૯ :** રિક્વેસ્ટ approved થયા પછી, લીલા રંગમાં "Approved" દેખાશે .

